# એક નિસર્ગપ્રેમીનો મિત્રને પત્ર

તમને થશે કે આ શું? ઈ-મેઇલમાંથી સ્નેઇલ-મેઇલ? પણ વાત જ કંઈક એવી છે. ગાથા–એ–રણથંભોર! પહેલી મેથી છઠ્ઠી મે, ૨૦૦૪ સુધી રણથંભોરના સુકાભઠ, પર્ણવિહીન ઠૂંઠાંઓના જંગલને માણ્યું; ગ્રીષ્મની કંઈક અલગ જ પ્રકૃતિને ધરાઈને પીધી. પ્રવાસનો મુખ્ય હેતુ હતો ટાઇગર સેન્સસ. અચાનક બધું ગોઠવાઈ ગયું, આયોજન વગર જ.

સવાઈ માધોપુર મળસકે જ પહોંચી ગયા. ત્યાં પહોંચતાં જ ચિલોત્રાનાં મંગલાદર્શન થયાં. બપોર થતાંમાં તો સફેદપેટ કોશી, મોટો કશ્યો, અબલક મેના, કંઈક જુદી જ ધીમી સીટી (કદાચ પ્રણયસ્વર) વગાડતો માર્શલનો શોબીગી... શક્કરખોરા-પીળક તો હોય જ.

બપોરે એક વાગ્યે રાજસ્થાની સમોસાંનો સ્વાદ લેતાં-લેતાં કેન્ટર (છાપરા વગરની ખુલ્લી) જંગલમાં પ્રવાસીઓને લઈ જતી બસમાં બેઠા. દિલમાં કુતૂહલભરી ધડકન અને અનેરો રોમાંચ, પથરાળ જમીન પરના સૂકા જંગલમાંથી પસાર થતાં ડુંગરની કરાડો આવી અને પછી આવ્યો રાજા હમીરનો પૌરાણિક કિલ્લો, હવે તો ખંડેર. આ જ હતું જંગલનું પ્રવેશદ્વાર : લાલચટક પથ્થરનું, બન્ને તરફ કલાકૃતિઓથી શોભતું. ત્યાંની ચોકી ઉપર પણ સુંદર આદિવાસી ચિત્રોની સજાવટ હતી, ત્યાં ગણેશનું મંદિર છે, લોકો આવે છે અને મેળો પણ ભરાય છે. પૂછપરછથી જાણ્યું કે થંભોર એ ડુંગર રીડ્ઝનું નામ અને રણથંભોર એટલે અલ્લાઉદ્દીન ખીલજી સાથેની રાજા હમીરની લડાઈનું ક્ષેત્ર.

જંગલરસ્તે આગળ જતાં રાજબાગનો સુંદર પૅલેસ આવ્યો, ત્યાં જ તળાવ છે. પાણી પીતાં હરણો; ચિતલ અને સાબરનાં ટોળાંને ખૂબ નજીકથી નિહાળ્યાં. ચિંકારા પણ ખરાં. વન્યજીવનની વિપુલતા જોઈ હું ચકિત થઈ ગયો. વાઘના વાવડ હતાં એટલે બસ વાઘને શોધતી ધીમેધીમે ચાલી. અચાનક બ્રેક મારીને ડ્રાઇવરે એક ઝાડીના આછા છાયા નીચે સૂતેલા ત્રણ

વાઘ તરફ ઇશારો કર્યો. ઓહ, શું રુઆબ અને દમામ હતો એમના માથું હલાવવાના ઝટકાનો! વાઘના સુંદર રાજવી સ્વરૂપની રૂબરૂ થતાં જ આપણા સિંહ સાથે મનોમન સરખામણી થઈ ગઈ. રાજવીઓ બસથી બિલકુલ વિક્ષેપ ન પામ્યા અને આરામથી પૂંછડી હલાવતા ઊભા થઈ ફરી બેસી ગયા. ધરાઈને જોયા. આ હતી શુભ શરૂઆત!


જંગલમાં ડગ ભરતો વાઘ

બસે બંદર-બાવળીના અમારા ઉતારાએ અમને છોડ્યા. બાવળી એટલે વાવ; ત્યાં નાની એવી પ્રાચીન વાવ હતી. ચારે બાજુ પર્ણવિહીન વૃક્ષોથી આચ્છાદિત ઊંચા ડુંગરની ખીણમાં અમારો ઉતારો હતો. ગરમી કાળઝાળ હતી! વાવ પાસે કૃત્રિમ વૉટરપૉઇન્ટ બનાવેલો હતો. ત્યાં ગયો પછી તો ઊભો જ રહી ગયો. ભરબપોરે તરસ્યાં પક્ષીઓ સમૂહમાં આવી, ચરણામૃત લઈ ઊડીને અન્યને જગ્યા કરી આપતાં હતાં; અને ફરી આવતાં હતાં! મુખ્યત્વે બુલબુલ, હોલા, ખેરખટ્ટો, રામચકલી, રાજીચકલી, જંગલી કાગડા વગેરે હતાં. દરેકની પાણી પીવા માટે ઊતરવાની, પીવાની અને પછી ઊડી જવાની રીતભાત અનન્ય હતી. હોલા મુખ ઊંચું કર્યા વગર પાણી પીતા હતા. બીજાં પક્ષી વળી ચાંચમાં ભરીને ગટગટાવતાં. એમાંય રાજી (યલોથ્રોટેડ સ્પેરો) તો તેના ગળાનું ઘરેણું, પીળું આભલું બતાવવા જ જાણે ચાંચ ઊંચી કરતી હતી. ત્યાં તો પાણી પીવા ઊતરેલા એક નવા પક્ષીનાં દર્શન થયાં : મોરગંદમની માદા... ઝાંખા રંગ, પણ તેની પિછાણ સ્વરૂપ પાંખમાં

રતુંબડી, કાટ જેવા રંગની રેખાઓ ખરી. તરત જ ભવ્ય નર ક્યાંકથી ઝાડ પર કૂદ્યો, કાળા અને નારંગી-કાટ જેવા વિરોધાભાસી રંગોથી ઓપતો અને સુંદર કલગીથી શોભતો. રામચકલી, મોર અને ગંદમને વારંવાર વાવમાં જતાં અને બહાર નીકળતાં જોયાં. નિરીક્ષણ કરતાં માલૂમ પડ્યું કે આ સાહેબોને વાવની દીવાલમાંથી ઝરતું ક્ષારયુક્ત પાણી માફક આવતું હતું, નહીં કે તળાવનું વાસી પાણી!

બંદર-બાવળી ચોકીમાં રહેતા જંગલરક્ષકો મળતાવડા અને ખૂબ નિષ્ઠાવાન હતા. અમારી દિલથી પરોણાગત કરી. તેમણે હાથે ઘડેલા ઘઉંના રોટલા અને સરસવના તેલમાં વઘારેલું લિજ્જતદાર શાક પ્રેમથી જમાડ્યાં.

બીજે દિવસે વાઘગણતરીના ભાગરૂપે અમે ટ્રેકિંગમાં જોડાયા અને બેલદા તરફ ગયા. બેલદા એટલે એ જ જગ્યા જ્યાં ગઈ કાલે વાઘનાં ત્રણ પુખ્ત બચ્ચાં જોયેલાં. રસ્તામાં એક જગ્યાએ આવન-જાવનની ખૂબ જ છાપો હતી. ફોરેસ્ટ ગાર્ડે પોતાની મીઠી ભાષામાં સરસ રીતે કહ્યું, “ઈન તીનોં મેં દો બચ્ચે ઔર એક બચ્ચી હૈ ઔર ઈસ ખડ્ડે મેં કલ તીનોં સાથ મેં ખેલે હૈં ઔર લેટે હૈં.”

પગલાંની સારી છાપો પસંદ કરી. ગાર્ડે તેનો સ્કેચ અને પી.ઓ.પી. ઇમ્પ્રેશન બનાવવાની કામગીરી શરૂ કરી. રસ્તાની બન્ને તરફ સૂકું-પીળું ઘાસ અને ઝાડીઓ છવાયેલાં હતાં. તે બાજુ હું લઘુશંકા કરી પાછો ફરતો હતો ત્યાં જ એક સાથી ટ્રેકરે ઊછળીને રાડ નાખી દીધી! જોયું તો લગભગ ૨૦ ફૂટ દૂર જ ઘાસમાં છુપાઈ બેઠેલ પેલા ત્રણ વાઘ! એ તો ઊભા થઈ અમારા તરફ નગણ્ય દૃષ્ટિપાત કરી બીજી તરફ ચાલતા થયા. નજીક જ પીળા ઘાસમાં બેસી આરામ ફરમાવતા એ કોઈ મારી નજરે ચડ્યા નહીં! આ પ્રસંગથી હું ખૂબ રોમાંચિત થયો.

પછી શરૂ થયો ૨૪ કલાકનો ‘વૉટર-હોલ સેન્સસ.’ વૉટર-હોલ પાસેના એક વૃક્ષ પર મચાન હતો. ત્યાં બેઠા. સાંજ પડ્યે ચિતલ અને સાબરનાં તરસ્યાં ઝુંડ પાણી પાસે ધીમેધીમે, દબાતા પગલે આવવા લાગ્યાં. પરંતુ

આ જંગલમાં તેમના શિકારી ઘણા એટલે આ પ્રાણીઓ ડરી-ડરીને ડગલું ભરતાં અને સહેજ ખખડાટથી ભડકીને ભાગી જતાં. અમે તો રીતસર મૌનવ્રત ધારણ કર્યું હતું. આમ પણ અમે આસપાસનાં પાંદડાંથી સારી રીતે ગોપિત થયેલ હોઈ તેમનું ધ્યાન અમારી તરફ નહોતું. શાંતિથી બેસીને તેમની સાવચેતીઓ જોવાનો ખૂબ આનંદ આવ્યો. હરણોનો નેતા પ્રથમ આવે, પછી ધીમેધીમે પાછળ બીજાં. પરંતુ સહેજ અવાજ થતાં નેતા પગ પછાડે એટલે બધા પરત! પછી તો અડધો-પોણો કલાક વીત્યે જ પાછાં આવે.

રાત્રિ થઈ એટલે બધું ઝાંખું થયું. પછી તો માત્ર તગતગતી આંખો જ હરતીફરતી દેખાય. રાત્રિના અવાજોનો અનુભવ પણ વિશિષ્ટ હતો. એમાંય લાર્જ-ટેઇલ્ડ નાઇટજાર (દશરથિયા)નો દમદાર હથોડાછાપ ચડતો અવાજ ખરેખર ભય પમાડે તેવો.

ધીમેધીમે મોં-સૂઝણું થયું. વાંદરા અને મોર પાણી પીવા આવ્યા. કુંડ પાસેના રસ્તા પર રીંછનાં પગલાં જોયાં; રાત્રે ક્યારે નીકળ્યું એ ખ્યાલ પણ ન આવ્યો! મચાનથી ચોકી તરફ ચાલવાનું શરૂ કર્યું. થોડી વારે માથા પરથી 'ઝૂમ...' એવો મોટો અવાજ પસાર થયો. સાથેનો ગાર્ડ તરત જ બોલ્યો : "મધુમખ્ખી અપના હેડક્વાર્ટર બદલતી હૈ!" ધ્યાનથી જોયું તો હજારોની સંખ્યામાં પસાર થતી મધમાખીનું વાદળ નજરે ચડ્યું. આ છે જંગલ!

મારા મિત્રનો અનુભવ કંઈક અનોખો હતો. તેને તો સતત ત્રીજા દિવસે પેલાં ત્રણ બચ્ચાં અને બોનસમાં તેમની મા જોવા મળ્યાં. રાત્રે આઠ વાગ્યે મચાન નીચે કુંડમાં ચારે વાઘ પાણી પીવા આવ્યા. માનું ધ્યાન મચાન પર ગયું. ઝાડ પાસે આવીને લગભગ ૨૦ ફીટ ઊંચે બેઠેલા બે વિચિત્ર જીવોને નીરખવા લાગી અને પછી અડધો કલાક ત્યાં જ બેસી ગઈ! કુલ એક કલાક તેમણે આ ચાર વાઘનાં દર્શન કર્યાં. એમાં થોડો સમય તો – પેલો જાણીતો શબ્દપ્રયોગ છે તેમ – નાની યાદ આવી ગઈ!

એ પછી અમે જગ્યા ફેરવી અનંતપુરા મુખ્ય ચોકીએ આવ્યા. ત્યાં સામે જ કોણ જાણે કેટલાંય પક્ષીઓનો આશ્રયદાતા મોટો વડ હતો.